# SARDAR PATEL AND DR. BABASAHEB AMBEDKAR : CONTEMPORARY RELEVANCE

## UGC Sponsored National Seminar

**Jointly Organized by**

## Charutar Vidya Mandal's

**H. M. Patel Institute of English Training and Research (HMPIETR)**
P. O. Box : 32, Vallabh Vidyanagar - 388 120
Tel : (02692) 230193, Email: hmpietr@yahoo.com

**Centre for Studies and Research on Life and Works of Sardar Vallabhbhai Patel (CERLIP)**
Opp. Bhaikaka Library, Vallabh Vidyanagar - 388 120
Tel: (02692) 233191 Email: cerlipindia@gmail.com

**Chief Patron**
**Dr. C. L. Patel**
Hon'ble Chairman
Charutar Vidya Mandal

**Convener:**
**Dr. Rajendrasinh Jadeja**
Director
HMPIETR
093750 31402

**Organizing Secretary:**
**Prof. Hari Desai**
Director
CERLIP
098985 43881

**Co-ordinators:**
**Mr. Shiv Kumar Singh**
HMPIETR
097145 77020

**Ms. Kajal Rao**
HMPIETR
094273 84318

**આમંત્રણ** ૧૪ જુલાઈ ૨૦૧૧

યુજીસી-અનુદાનિત રાષ્ટ્રીય પરિસંવાદ

**સરદાર પટેલ અને ડૉ.બાબાસાહેબ આંબેડકર : વર્તમાન પ્રસ્તુતતા(૧૧ અને ૧૨ ઓગસ્ટ ૨૦૧૧, વલ્લભ વિદ્યાનગર)**

ચારુતર વિદ્યામંડળ સંચાલિત અને સરદાર પટેલ યુનિવર્સિટીસંલગ્ન એચ.એમ.પટેલ ઈન્સ્ટિટયૂટ ઓફ ઈંગ્લિશ ટ્રેનિંગ એન્ડ  રિસર્ચ તથા સેન્ટર ફોર સ્ટડીઝ એન્ડ રિસર્ચ ઓન લાઈફ એન્ડ વર્કર્સ ઓફ સરદાર વલ્લભભાઈ પટેલ(સેરલિપ)ના સંયુકત ઉપક્રમે આગામી ૧૧ અને ૧૨ ઓગસ્ટ ૨૦૧૧ના રોજ વલ્લભ વિદ્યાનગર ખાતે દ્વિદિવસીય રાષ્ટ્રીય પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું છે. આ પરિસંવાદને યુજીસીની માન્યતા તથા આર્થિક અનુદાન પ્રાપ્ત થયેલાં છે.

આ પરિસંવાદમાં ઉપસ્થિત રહેવા ઈચ્છતા સંશોધકો અને અધ્યાપકોએ નીચે જણાવેલા સરનામે **તા.૩૧ જુલાઈ ૨૦૧૧** સુધીમાં રજિસ્ટ્રેશન કરાવવું. પ્રતિભાગીઓના નિવાસ તથા ભોજનની વ્યવસ્થા રજિસ્ટ્રેશન ફીમાં સામેલ છે. રજિસ્ટ્રેશનની અંતિમ મુદત પછી કોઈપણ સંજોગોમાં નોંધણી કરવામાં નહીં આવે. અનુસ્નાતક તથા એમ.ફિલ / પીએચ.ડી.નાં વિદ્યાર્થીઓ માટે રજિસ્ટ્રેશન ફી રૂા. ૧૫૦/- રહેશે. જયારે અધ્યાપકો તથા અન્ય પ્રતિભાગીઓ માટે રજિસ્ટ્રેશન ફી રૂા. ૩૦૦/- રહેશે. રજિસ્ટ્રેશન ફી તથા ફોર્મ જે તે કોલેજ / યુનિવર્સિટીના વડા મારફત અથવા વ્યકિતગતરીતે **'CERLIP'**ના નામે વલ્લભ વિદ્યાનગરની કોઈપણ બેંક ખાતે સ્વીકાર્ય એવો ડિમાન્ડ ડ્રાફટ મોકલવો અથવા રૂબરૂ રોકડ નાણાંથી નોંધણી કરાવી શકાશે,

**નિયામકશ્રી : સેરલિપ,**
સીવીએમ બંગલો-૧૮, ભાઈકાકા લાઈબ્રેરી સામે, વલ્લભ વિદ્યાનગર-૩૮૮ ૧૨૦
ફોન : (૦૨૬૯૨)૨૩૩૧૯૧,૨૩૪૦૧૦ ટેલિફેકસ:(૦૨૬૯૨) ૨૩૫૭૭૭ મો.૯૮૯૮૫ ૪૩૮૮૧,
ઈમેઈલ : ugc.nationalseminar@gmail.com, haridesai@gmail.com

પરિસંવાદમાં મર્યાદિત સંખ્યામાં પ્રતિભાગીઓ લેવાના હોવાથી વહેલા તે પહેલાના ધોરણે રજિસ્ટ્રેશન કરાવવા સંબંધિતોને અનુરોધ છે. વળી પ્રતિભાગીઓ દ્વારા પાઠવવામાં આવનાર સંશોધનપત્રો(રિસર્ચ પેપર્સ)માંથી નિષ્ણાતોની સમિતિ ઉચ્ચ ગુણવત્તાયુકત સંશોધનપત્રો રજૂ કરવા માટે પસંદ કરશે.સંશોધનપત્રો નીચેના વિષય / વિષયાંગ પર પાઠવી શકાશે.

**વિષય :** સરદાર પટેલ અને ડૉ.બાબાસાહેબ આંબેડકર : વર્તમાન પ્રસ્તુતતા

**વિષયાંગ :**

(૧) સમાજવિજ્ઞાન ક્ષેત્રે સરદાર પટેલ અને ડૉ.બાબાસાહેબ આંબેડકર વિષયક સંશોધન

(૨) સરદાર પટેલ અને ડૉ.બાબાસાહેબ આંબેડકરનું સામાજિક ન્યાય વિષયક ચિંતન

(૩) બંધારણ સભામાં સરદાર પટેલની ભૂમિકા

(૪) બંધારણ સભામાં ડૉ.બાબાસાહેબ આંબેડકરની ભૂમિકા

પરિસંવાદમાં રજૂ કરવા માટેના સંશોધનપત્રો સોફટ કોપી તથા હાર્ડકોપીના સ્વરૂપે મોકલવાના રહેશે. સંશોધનપત્રો ગુજરાતી, હિંદી,  અંગ્રેજી અથવા મરાઠીમાં ફોન્ટ સાથે વર્ડફાઈલમાં પાઠવવા. પ્રાપ્ત થયેલા સંશોધનપત્રોમાંથી તજજ્ઞ સમિતિ દ્વારા ચયન કરાયેલા સંશોધનપત્રો રજૂ કરવાની અનુમતિ આપવામાં આવશે.

યથાશીઘ્ર રજિસ્ટ્રેશન કરાવવા સંબંધિતોને અનુરોધ છે.

**રાજેન્દ્રસિંહ જાડેજા** **હરિ દેસાઈ**

સંવાહકો: યુજીસી-અનુદાનિત રાષ્ટ્રીય પરિસંવાદ